ઉપરવાસમાંથી પાણી છોડાતાં તાપીમાં બની ગયું ‘તરતું લીલું ગાર્ડન’!

સેસેલ્સનો દરિયો નહીં તાપી નદી છે

નદીમાં જળકુંભી પથરાતાં પીવાના પાણીની ગુણવત્તા પર ગંભીર અસર, રોગચાળાની ભીતિ

તાપી શુદ્ધીકરણ પ્રોજેક્ટનાં નામે કરાયેલા કરોડોના ખર્ચ બાદ પણ જળકુંભીનો ત્રાસ યથાવત છે

સુરતઃ સુરતની જીવાદોરી ગણાતી તાપી નદી હાલ ગંભીર પર્યાવરણ અને પાણી સંકટમાંથી પસાર થઈ રહી છે. દર વર્ષ ગરમી વધે ત્યારે જળકુંભીનો ઉપદ્રવ વધે છે. તેમાં પણ હાલમાં ઉપરવાસમાંથી પાણી છોડવામાં આવતાં તાપી નદીના પટમાં અંદાજે અડધા કિલોમીટર વિસ્તારમાં જળકુંભીની ઘટ્ટ લીલી ચાદર પથરાઈ ગઈ છે.

સાડા ચાર માસમાં જ પાણીને લગતી 12,389 ફરિયાદો નોંધાઇ, જેમાંથી 50 ટકા વરાછા ઝોનની

1 જાન્યુઆરીથી 15 મે 2026 દરમિયાન પીવાના પાણી સંબંધિત કુલ 12,389 ફરિયાદ નોંધાઈ છે. જેમાં ઓછા દબાણે પાણી આવવું, ગંદુ પાણી, દુર્ગંધયુક્ત પાણી અને વિતરણમાં વિલંબ જેવી ફરિયાદોનો સમાવેશ થાય છે. માત્ર દૂષિત પાણી અંગે જ 2,156 ફરિયાદ નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. વરાછા ઝોન સૌથી વધુ અસરગ્રસ્ત બન્યો છે. કુલ ફરિયાદોમાંથી 6,060 ફરિયાદ એકલા વરાછા ઝોનમાંથી નોંધાતા પાણીની સમસ્યા હવે જનઆરોગ્ય માટે ખતરો બની રહી છે. નિષ્ણાતોના મતે જળકુંભીના કારણે પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે અને બેક્ટેરિયાનો ઉપદ્રવ વધે છે, જેના કારણે ટાઈફોઇડ અને કોલેરા જેવા રોગો ફાટી નીકળવાની ભીતિ વધી રહી છે.

ડ્રોન કેમેરામાં કેદ થયેલા દ્રશ્યોમાં નદી પાણી કરતાં વધુ લીલા ગાર્ડન જેવી દેખાઈ રહી છે. તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટનાં નામે કરાયેલા કરોડોના ખર્ચ બાદ પણ જળકુંભીનો ત્રાસ યથાવત છે. જળકુંભીને કારણે મનપાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર ભારણ વધ્યું છે અને વારંવાર ‘બેક વોશ’ પ્રક્રિયા કરવી પડી રહી છે. પરિણામે પાણી શુદ્ધિકરણનો ખર્ચ પણ વધી રહ્યો છે. આ સમસ્યાની સીધી અસર હવે શહેરના નાગરિકો સુધી પહોંચી છે. નિષ્ણાતોના મતે જળકુંભીના કારણે પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે અને બેક્ટેરિયાનો ઉપદ્રવ વધે છે, જેના કારણે ટાઈફોઇડ અને કોલેરા જેવા રોગો ફાટી નીકળવાની ભીતિ વધી રહી છે. હાઈડ્રોલિક વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ ઉપરવાસમાંથી પાણી છોડાતા જળકુંભી નદીમાં આવીને જમા થાય છે અને હાલમાં ડિવિડર મશીનોથી સફાઈ કામગીરી ચાલી રહી છે.

ડભોલીમાં ટેમ્પરરી સ્ટ્રક્ચરના 4 ગોડાઉનમાં ભીષણ આગ

સુરત : સુરત શહેરના કતારગામ વિસ્તારના ડભોલીમાં આવેલા તુલસી ચોક નજીક લક્ષ્મી પેલેસ પાસે ટેમ્પરરી સ્ટ્રક્ચરના ગોડાઉનોમાં મધરાત્રે ભીષણ આગ લાગી હતી. ઓનલાઇન માલ વેચવાના ગોડાઉનમાં લાગેલી આ આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતા શહેરના વિવિધ ૮ ફાયર સ્ટેશનોમાંથી ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જોકે આગને સંપૂર્ણ કાબુમાં લેવામાં ૯ કલાક જેટલો સમય લાગ્યો હતો. ત્યારબાદ પણ ફાયરબ્રિગ્રેડ વિભાગ દ્વારા એક ગાડી સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી.

વડાપ્રધાનની માસટ્રાન્સપોર્ટની અપીલ પાણીમાં

સિટીલિંક બ્રેકડાઉન

મારુતિ અને હંસા ટ્રાવેલ્સના ઇજારા પૂર્ણ, ગ્રીનસેલની 60 ઈ-બસ રિપેરિંગના અભાવે ડેપોમાં ખડકાઈ

ગ્રીન સેલની 60 બસ મેઇન્ટેનન્સના અભાવે બ્રેકડાઉન, અનેક રૂટો અસરગ્રસ્ત

સુરતઃ સુરત સિટીલિંક તંત્રની આયોજનવિહોણી કામગીરી અને ઘોર બેદરકારીના કારણે શહેરની જાહેર પરિવહન વ્યવસ્થા ફરી વાંરવાર વિવાદમાં આવી છે. જો કે સિટીલિંકના ખાડે ગયેલા તંત્રને દૂરસ્ત કરવા માટે મનપા કમિશનરે સિટીલિંકના વિભાગીય વડા ભોગાયાતા અને મેનેજર પ્રસાદ પાસેથી ચાર્જ આંચકી લઇને સિટી ઇજનેર ધર્મેશ ભગવાકર અને મેહુલ પટેલને સિટીલિંકનું સુકાન સોંપ્યું છે. જો કે આગળના અધિકારીઓની બેદરકારીના કારણે શહેરમાં દોડતી અનેક બસોના ઇજારાની મુદત પૂર્ણ થઇ જવા છતાં મનપા તંત્રએ મજબૂરીવશ એજન્સીઓને ટેન્ડર વિના બસો દોડાવવાની મંજૂરી આપવી પડી રહી છે. બીજી તરફ ડેપોમાં મોટી સંખ્યામાં ઈ-બસો રિપેરિંગના અભાવે ઊભી રહેતા મુસાફરોને જૂની અને ખખડધજ બસોમાં મુસાફરી કરવાની ફરજ પડી રહી છે. એક બાજુ પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે વડાપ્રધાને જાહેર પરિવહનનો ઉપયોગ કરવા હાકલ કરી છે ત્યારે સુરત મનપાની સિટીલીંકનુ ઘોડું દશેરામાં જ નહીં દોડવા જેવી હાલત થઇ છે.

માહિતી મુજબ મારૂતિ ટ્રાવેલ્સનો સિટીલિંક બસ સંચાલનનો ઇજારો ગત 15 મેના રોજ પૂર્ણ થઇ ગયો હતો. તેમ છતાં હાલ અંદાજે 70 જેટલી જૂની અને ખખડધજ બસો શહેરના વિવિધ રૂટ પર દોડાવવામાં આવી રહી છે. અગાઉ પણ આ બસોમાં ફાટેલા ટાયર, બ્રેકડાઉન અને ટેકનિકલ ખામીઓ અંગે ફરિયાદો ઊઠી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ અગાઉ મારૂતિ ટ્રાવેલ્સને એક વર્ષનું એક્સ્ટેન્શન આપવામાં આવ્યું હતું. છતાં આ વધારાની મુદત દરમિયાન પણ સિટીલિંકના તત્કાલીન અધિકારીઓ ડેપ્યુટી કમિશનર ભોગાયતા અને મેનેજર પ્રસાદ દ્વારા નવી એજન્સી નક્કી કરવા માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું નહોતું. પરિણામે હવે “વિકલ્પ નથી” એવી પરિસ્થિતિ ઊભી થતાં મનપા તંત્ર ટેન્ડર વિના જ બસો ચાલુ રાખવા મજબૂર બન્યું છે. આ જ રીતે હંસા ટ્રાવેલ્સનો ઇજારો પણ માર્ચ મહિનામાં પૂર્ણ થઈ ગયો હતો. ટ્રાન્સપોર્ટ કમિટીમાં ઇજારો લંબાવવાનો પ્રસ્તાવ મંજૂર થયો હોવા છતાં કમિશનર કક્ષાએ ફાઇલ હજુ પેન્ડિંગ હોવાનું જાણવા મળે છે. છતાં પણ એજન્સીની બસો હાલ યથાવત દોડાવવામાં આવી રહી છે. શહેરમાં એક હજાર બસો દોડાવવાના દાવાઓ કરનારા મનપાનું તંત્ર હાલ માંડ 650 બસો દોડાવી રહ્યું છે.

ઉત્રાણમાં સટ્ટાબેટિંગમાં બે ઝડપાયા

વેબસાઇટ મારફતે કલર્સ, લાઇવ ગેમ્સ અને જેકપોટનો જુગાર રમાડતા હતા, ૩.95 હજારનો મુદ્દામાલ જપ્ત

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં જાહેરમાં મોબાઈલ ફોન પર આઈ.ડી. મેળવી ઓનલાઈન ક્રિકેટ સટ્ટો તેમજ લાઈવ જેકપોટ જેવી ગેમ્સનો જુગાર રમી અને રમાડતા બે ઈસમને ઉત્રાણ પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી આઈફોન અને એક્ટિવા સહિત કુલ ૩.95,000નો મુદ્દામાલ કબજે કર્યો છે, જ્યારે આ નેટવર્ક પાછળ સંડોવાયેલા અન્ય ત્રણ બુકીઓને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મોટા વરાછા સુદામા ચોક પાસે પોલીસને ખાનગી બાતમીદાર તરફથી ચોક્કસ બાતમી મળી હતી કે, કિર્તન બળવંતભાઈ સુતરીયા તથા નીલ પરેશભાઈ ચાચડ નામના બે ઈસમ ઉત્રાણ તુલસી આર્કેડ ક્રિષ્ના પાનના ગલ્લા પાસે રોડ પર પોતાની મોટરસાઈકલ પર બેસીને મોબાઈલમાં ઓનલાઈન જુગારની આઈ.ડી.ઓ ઓપરેટ કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક પંચોને સાથે રાખીને ઘટના સ્થળે દરોડો પાડ્યો હતો અને વર્ણન મુજબના બંને ઈસમ કિર્તન બળવંતભાઈ સુતરીયા (ઉ.વ.20) (ધંધો-જ્વેલરી મેન્યુફેક્ચરિંગ) (રહે.,શુભમ એવન્યુ, અબ્રામા રોડ, મોટા વરાછા), નીલ પરેશભાઈ ચાચડ (ઉ.વ.20) (ધંધો-કન્સ્ટ્રક્શન સાઈટ પર નોકરી) (રહે., શિવાન્ટ હાઈટ્સ, ઉત્રાણ)ને કોર્ડન કરીને ઝડપી લીધા હતા. પોલીસે આરોપી કિર્તન સુતરીયાની તલાશી લેતાં તેના મોબાઈલ એપ્લિકેશનમાં all panelexch9.com નામની સાઈટ પર ‘119 varnijob’ યૂઝર નેમ ધરાવતી આઈ.ડી. ચાલુ હતી. પૂછપરછમાં તેણે જણાવ્યું કે તેણે ‘JACKY ON LINE BOOK’ નામના વોટ્સએપ પ્રોફાઈલ ધારક પાસેથી આ લિંક મેળવી હતી.

તેના મોબાઈલમાંથી જુગારની ચેટ અને પેમેન્ટના 24 સ્ક્રીનશોટ મળી આવ્યા હતા.

બીજા આરોપી નીલ ચાચડના મોબાઈલના પ્રોમાંથી પણ એ જ વેબસાઈટની ‘Oramk2’ નામની આઈ.ડી. ચાલુ મળી આવી હતી. નીલે કબૂલાત કરી હતી કે તેણે રામ ખેની અને જીગ્નેશ ખેની પાસેથી આ લિંક મેળવી હતી અને જુગારના પેમેન્ટ પેટે રામ ઠાકરશીભાઈ ખેનીના UPI આઈ.ડી. પર રૂ. 10,000/- મોકલ્યા હતા. તેના ફોનમાંથી જુગારની ચેટના 43 સ્ક્રીનશોટ મળી આવ્યા હતા. લીસે આરોપીઓ પાસેથી રૂ.60,000ની કિંમતના 2 આઈફોન, જુગારની ચેટના 67 સ્ક્રીનશોટ અને આશરે રૂ.35,000ની કિંમતની બે બાઈક મળી કુલ રૂ.95,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રે આ કેસમાં આઈ.ડી. અને લિંક પૂરી પાડનાર મુખ્ય સુત્રધારો તેમજ બુકીઓ જેકી ઓનલાઈન બુક, રામ ઠાકરશીભાઈ ખેની અને જીગ્નેશ ખેની (રહે. આવિષ્કાર હાઈટ્સ, ઉત્રાણ)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. ઉત્રાણ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

વકીલમંડળની જનરલ સભાની મિનિટ્સ અને ઠરાવની નકલ માંગતા વિવાદ

ઠરાવ મુદ્દે વકીલોમાં અસમંજસ, બારને સ્પષ્ટ થવા પત્ર લખાયો

સુરતઃ દોઢ વર્ષે સુરત જિલ્લા વકીલ મંડળની મળેલી જનરલ સભાની મિનિટસ્ અને ઠરાવોની કાઉન્સિલ સભ્યોએ માંગણી કરતાં વિવાદ સર્જાયો છે. તા. ૨૦મી યોજાયેલી સુરત જિલ્લા વકીલ મંડળની જનરલ સભામાં ભારે હોબાળો થયો હતો. આ હોબાળા વચ્ચે જનરલ સભા વિખેરાઈ ગઈ હતી. આ દરમિયાન કાઉન્સિલ સભ્ય યતીન ઢાકેચા, ભાવિન હિરપરા, ઉમેશ પંચાલ સહિતનાં સભ્યએ મિનિટસ્ અને ઠરાવની નકલ માંગી છે. સુરત જિલ્લા વકીલ મંડળને આપેલા આ પત્રને પગલે વકીલોમાં ફરી વાદ-વિવાદ સર્જાયો છે. આ મુદ્દે સભ્ય ભાવિન હિરપરાનો સંપર્ક સાંધતા તેમણે જણાવ્યું હતું કે જ્યારે જનરલ સભા મળી ત્યારે એજન્ડા પરનાં બે જ કામો પર ચર્ચા થઈ હતી. લો લાયબ્રેરીના મુદ્દે ગરમાગરમી થતાં સભા વિખેરાઈ ગઈ હતી. જોકે આ બંને કામનાં સ્પષ્ટ ઠરાવ કરીને સભાની મંજૂરી લેવી જરૂરી હોય છે પરંતુ, એવું થયું નથી. જેને કારણે મંડળ પાસેથી આ માહિતી માંગવામાં આવી હતી. જ્યારે યતીન ઢાકેચાએ જણાવ્યું હતું કે વકીલોમાં ઠરાવ સંદર્ભે અલગ અલગ વાત થઈ રહી છે. કેટલાંક વકીલો એવું માની રહ્યાં છે કે એજન્ડા પરનાં તમામ કામો મંજૂર થયા છે. જેથી વકીલ મંડળ તરફથી સ્પષ્ટતા થાય એ જરૂરી છે.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ જન્મદિવસ નવી સિવિલમાં દર્દીઓ-નવજાત વચ્ચે ઉજવ્યો

સુરત : ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ પોતાના જન્મદિવસની ઉજવણી નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ, નવજાત શિશુઓ અને સારવાર લઈ રહેલા બાળકો વચ્ચે કરી હતી. જરૂરિયાતમંદ દર્દીઓ માટે વ્હીલ ચેર, બગલ ઘોડી અને વોકર જેવા ઉપયોગી સાધનો અર્પણ કર્યા હતા. નવજાત શિશુઓ માટે ખાસ ‘બેબી કીટ’નું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ સગર્ભા માતાઓના સ્વાસ્થ્ય અને પોષણને ધ્યાનમાં રાખીને ફ્રૂટ તથા સ્પેશિયલ ન્યુટ્રીશન કીટ પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે નવી સિવિલ હોસ્પિટલ મેડિકલ કોલેજના ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટ, ડો. નિમેષ વર્મા, RMO ડો. કેતન નાયક તેમજ નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા સહિત તબીબી સ્ટાફ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે વર્લ્ડ ટર્ટલ ડે — કાચબાના સંરક્ષણ માટે વધુ કામ કરવાની જરૂર

ડુમસ-હજીરાના દરિયામાં ભરપૂર કાચબા છે

જળચર ઇકોસિસ્ટમને સંતુલિત રાખવામાં કાચબા મહત્ત્વના

સુરતઃ આજે વિશ્વભરમાં “વર્લ્ડ ટર્ટલ ડે”ની ઉજવણી કરવામાં આવશે. દર વર્ષે ૨૩ મેના રોજ ઉજવાતો આ દિવસ કાચબા અને દરિયાઈ કાચબાના સંરક્ષણ માટે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો મુખ્ય હેતુ ધરાવે છે. સુરત સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પર્યાવરણપ્રેમી સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ દ્વારા કાચબાના સંરક્ષણ અંગે જનજાગૃતિ કાર્યક્રમો થાય છે. પ્રયાસ સંસ્થાનાં દર્શન દેસાઈનાં જણાવ્યાં મુજબ સુરતનાં ડુમસ, હજીરાનાં દરિયા કિનારે ભરપૂર કાચબા જોવા મળે છે. તાપી નદી, તળાવોમાં પણ કાચબા જોવા મળે છે. સુરતમાં ઘણા લોકો એક્વેરિયમમાંથી કાચબા ખરીદીને ઘરે રાખવા માટે લાવે છે પરંતુ એ કાચબા સિંગાપુરી કાચબા હોય છે. જે ભારત દેશમાં જોવા મળતા નથી અને એને પ્રજનન કરીને વેચવામાં આવે છે, એ કાચબા ભારતના નથી એટલે એમને અહીં છોડી પણ ન શકાય. ગુજરાત અને સુરતમાં ત્રણ જાતના મરીન કાચબા જોવામાં આવે છે, એમાં મુખ્યત્વે બે જાતના હોલીવરી એટલે ટર્ટલ અને બીજો ગ્રીન સીટલ છે. પર્યાવરણ

બે કાચબાની જોડ રાખવાથી ઘરકંકાસ દૂર થવાની માન્યતા

માણસના જીવનમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટેના ઉપાય વાસ્તુશાસ્ત્રમાં જોવા મળે છે. વાસ્તુશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે ઘરે કે કાર્ય સ્થળ ઉપર કાચબાનું સ્થાપન કરવામાં આવે તો તે અતિ શુભ માનવામાં આવે છે. ખરેખર કાચબો રાખવાથી આપણા જીવનમાં અનેક પ્રકારના ફાયદા થતાં હોવાની માન્યતા છે. સામાન્ય રીતે કાચબાને વિષ્ણુ પુરાણમાં જણાવ્યા અનુસાર વિષ્ણુ ભગવાનનો અવતાર માનવામાં આવે છે. એટલા માટે કોઈપણ ઘર કે કાર્ય સ્થળ ઉપર કાચબાનું સ્થાપન કરવું અતિ શુભ માનવામાં આવે છે. જો કોઈ પણ ઘરમાં વારંવાર વાદ વિવાદ થતાં હોય કે ઝઘડા થતાં હોય તો તે ઘરમાં બે કાચબાની એક જોડી રાખવી જોઈએ. આવું કરવાથી બે વ્યક્તિ વચ્ચેના વાદવિવાદ દૂર થઈ શકે છે તેમજ બંને વચ્ચે પ્રેમ અને પરસ્પર લાગણીનું વાતાવરણ બદલાય છે.

કાચબા સંરક્ષણનું મહત્ત્વ

- કાચબા જળચર ઇકોસિસ્ટમને સંતુલિત રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.
- કાચબા નદીઓ અને તળવાઓમાં સડેલા પદાર્થો અને મૃત માછલીઓને ખાઈને પાણીને સ્વચ્છ રાખે છે.
- કાચબાઓની ઘણી પ્રજાતિઓ આજે ગેરકાયદે વેપાર અને પ્રદૂષણના કારણે લુપ્ત થવાના આરે છે.

દરિયાઈ કાચબા કિનારે રેતીમાં ઊંડો ખાડો ખોદીને એમાં ઈંડાં મૂકે છે

માદા કાચબો દરિયા કિનારે રેતીમાં ઊંડો ખાડો ખોદીને એમાં ઈંડા મૂકે છે, જે ઈંડામાંથી બચ્ચા નીકળીને રેતીમાંથી સપાટી પર નિકળીને દરિયા તરફ દોડ મૂકે છે અને તે દરમિયાન એમણે અન્ય ભક્ષક પ્રાણીઓ જેવા કે કાગડા, શિયાળ જેવાથી બચવાનું હોય છે.

વિદોનાં જણાવ્યાં મુજબ આજે વિશ્વભરમાં વર્લ્ડ ટર્ટલ ડેએ કાચબાના સંરક્ષણ માટે વધુ કામ કરવાની જરૂર છે. કાચબાનાં ગેરકાયદે વેપાર અને પ્રદૂષણના કારણે લુપ્ત થાઈ એ પહેલાં પર્યાવરણ પર અને કાચબાનાં વેપાર પર અંકુશ માટે કામ કરવું જરૂરી બની જાય છે.

સરથાણા કેનાલ રોડ પર ટેમ્પરરી ઓફિસમાં આગ લાગી

સુરત : શહેરના સરથાણા કેનાલ રોડ વિસ્તારમાં મેલડી માતાના મંદિર પાસે આવેલા પ્રમુખ કેમ્પસમાં આગ લાગી હતી. સાંજે આશરે 4.50 વાગ્યાના અરસામાં ઓફિસમાંથી અચાનક ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. આગની ગંભીરતા જોતા શહેરના ત્રણ અલગ અલગ ફાયર સ્ટેશનોમાંથી ફાયર જવાનોની ટીમોને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધરાયા હતા. ભારે જહેમત બાદ અંદાજે દોઢ કલાકમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો.

સંક્ષિપ્ત સમાચાર

ઉધના ઉદ્યોગનગરના ચેરમેન અને વાઈસ ચેરમેનની પસંદગી કરાઈ

સુરતઃ ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી.ની તાજેતરમાં થયેલી ચૂંટણી બાદ પાંચ વર્ષ માટે ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી.નાં ચેરમેન તથા ધી ઉધના ઉદ્યોગનગર સંઘ ચેરિટેબલ ફાઉન્ડેશનનાં પ્રમુખ તરીકે વિમલભાઈ ભીમજીભાઈ સાકરીયા તેમજ ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. નાં વાઈસ ચેરમેન તથા ધી ઉધના ઉદ્યોગનગર સંઘ ચેરિટેબલ ફાઉન્ડેશનનાં ઉપપ્રમુખ તરીકે રૂપીન બીપીનચંદ્ર કાપડીયાની વરણી કરવામાં આવી છે. સાથે સાથે ડિરેક્ટરોમાં મયુર પટેલ, નરસિંહ નાથાણી, નટવર ધડૂક, દત્તુ ઉર્ફે દત્તાત્રેય પાટીલ, નિલેષ જરીવાળા, ચંદ્રકાંત જરીવાળા, સોનીયા ગોયેલ, કિશો ગજીવાલા, વિક્રમ પાલ, વિમલ જયંતીલાલ, ચતુર કથરીયા, વિજય લુણાગરીયા, વિપુલ વઘાસીયા, વિનોદ જરીવાળા અને નાથીબેન કાપડીયાની વરણી કરવામાં આવી હતી.

સુરત પીપલ્સ બેંક દ્વારા NJ ઈન્ડિયાના સહયોગથી મ્યુચ્યુઅલ ફંડ સેવાનો પ્રારંભ

સુરતઃ સુરત સ્થિત અગ્રણી નાણાકીય સંસ્થા ધી સુરત પીપલ્સ બેંક દ્વારા એનજે ઈન્ડિયા સાથે સહયોગથી મ્યુચ્યુઅલ ફંડ સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ભવ્ય લોન્ચિંગ કાર્યક્રમ તા. 20 મેના રોજ એનજે હાઉસ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે બેંકના ચેરમેન અમિત ગજ્જર, વાઇસ ચેરમેન જાસ્મીન મહેતા, મેનેજિંગ ડિરેક્ટર કલ્પેશ શાહ તથા બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને બોર્ડ ઓફ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સુરત સ્થિત એનજે ઈન્ડિયા ઇન્વેસ્ટમેન્ટ પ્રા. લિ.ના ના પ્રમોટર્સ અને કો-ફાઉન્ડર્સ નીરજ ચોક્સી અને જિજ્ઞેશ દેસાઈ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આઈ.વી.પટેલ ફાઉન્ડેશન દ્વારા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિને દાન

સુરતઃ શ્રીમતી આઈ.વી.પટેલ ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન લર્નિંગ એન્ડ રિસર્ચ સુરત ટ્રસ્ટના પ્રેરણામૂર્તિ સ્વ ઈન્દિરાબેન વિષ્ણુભાઈ પટેલના સ્મરણાર્થે ટ્રસ્ટ દ્વારા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિને અધિક માસના પાવન દિવસે રૂપિયા ૫૧,૦૦૦ નું અનુદાન ટ્રસ્ટના ચેરમેન સનીલ પટેલ અને મેનેજિંગ ટ્રસ્ટી તિમિરભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટના પ્રમુખ કમલેશભાઈ સેલર અને મંત્રી સમીરભાઈ વ્યાસ હાજર રહ્યા હતા.

રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં સુરતના ખેલાડીઓને ગોલ્ડ મેડલ

સુરતઃ અમદાવાદના વસ્ત્રાલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આગામી તા. ૨ અને 3 મે દરમિયાન કરાટે ડો ફેડરેશન દ્વારા રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધા તથા રાષ્ટ્રીય કક્ષા માટેની પસંદગી યોજાઈ હતી. આ સ્પર્ધામાં સુરતના રમતવિરોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધામાં કોચ કુણાલસરના માર્ગદર્શનમાં યજ્ઞ ભટ્ટ અને રિતવી કાગળવાલાએ ગોલ્ડ મેડલ મેળવી રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી મેળવી હતી. જ્યારે કાવ્યા નાયક, મિરાંશ ગાંધી અને નવ્યા જરીવાલાએ રજત પદક પ્રાપ્ત કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. ગોલ્ડ મેડલ વિજેતા ખેલાડીઓ હવે આગામી ૪ જૂનથી ૭ જૂન ૨૦૨૬ દરમિયાન દહેરાદૂન ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારમાં અધિક માસ નિમિત્તે ભક્તિ ભજન

સુરતઃ સમર્પણ વરિષ્ઠ નાગરિક પરિવારમાં પુરુષોત્તમ માસના ધાર્મિક પર્વ નિમિત્તે ગાયકીમાં અનુભવી સભ્યો દ્વારા ભક્તિમય ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ નિરંજનભાઇ પારેખે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા. ગાયકીમાં અનુભવી એવા પંદરથી વધુ સભ્યોએ ખંજરી, મંજીરા, ઢોલક અને તાળીઓના તાલે સામુહિક ભક્તિ ભજન ગીતો રજૂ કરી ઉપસ્થિત સભ્યોને મંત્રમુગ્ધ કર્યા હતા. ભજનના તાલે સભ્યો ઝુમ્યા પણ હતા. મંચ પરથી ભક્તિ ગીતો રજૂ કરનાર સભ્યોને દાતા તરફથી કિંમતી ભેટ અર્પણ કરવામાં આવી હતી. ફોટોગ્રાફી ભરત શાહે કરી, સંચાલન મંત્રી વર્ષાબેન ચોખાવાલાએ, પ્રાર્થના નીરૂબેન શાહે કરી હતી. હવા,પાણી અને ખોરાકનો બગાડ નહીં કરવાની પ્રતિજ્ઞા પંકજભાઈ માંજરાવાળાએ લેવડાવી હતી. આભારવિધી શીલાબેન ભૂતવાળાએ કરી હતી.

પૂર્વ PM રાજીવ ગાંધીની પૂણ્યતિથિએ ઉધના ત્રણ રસ્તા પર છાશ વિતરણ

સુરતઃ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની પૂણ્યતિથિએ તા.21મીમેના રોજ સુરત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ વિપુલ ઉધનાવાળાની આગેવાનીમાં ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશી, મહામંત્રી મહંત જયેશભાઈ ભટ્ટ તેમજ મુકેશ રાણા સહિત અન્યો દ્વારા ઉનાળામાં રાહદારીઓ માટે વિનામૂલ્યે ઠંડા પાણી તથા મસાલા છાશનું વિતરણ ઉધના તીન રસ્તા પરથી કરવામાં આવ્યું હતું. ઉપરાંત કોંગ્રેસ કાર્યાલયમાં રાજીવ ગાંધીને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

શરીર કોઈ પાયખાનું નથી કે ગમે ત્યાં કચરો નાંખોઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

મુંબઈ: મુંબઈ સ્થિત પ્રાર્થના સમાજના શ્રી ચન્દ્રપ્રભસ્વામી શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ મુનિવૃંદની પાવન પધરામણી થતાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ પાવન ક્ષણે આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, આ સંસાર દુઃખોના દાવાનળ સ્વરૂપ છે. વિશ્વ માત્રનાં જીવો દુઃખોથી દાઝી રહ્યા છે. સુખ ક્યાંય નથી. જ્યાં પણ જ્યારે સુખનો આસ્વાદ થાય છે તે માત્ર કલ્પના સ્વરૂપ છે. દુઃખોને દૂર કરવા માણસ સતત વ્યસ્ત છે. વિશ્વનાં કરોડો લોકો દુઃખમુક્ત થવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. તનનું, મનનું અને ધનનું દુઃખ વિશેષ પ્રકારે છે.